ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૬/૨૦-૨૧/ 1837 તારીખ : 21 JUN 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મનુભાઈ કરશનભાઈ સોલંકી,**
**''હીરા માં કૃપા'',**
**માર્કેટયાર્ડ પાસે, શાસ્ત્રીનગર,**
**મું.ચોટીલા,**
**તા.ચોટીલા,**
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં. ૯૯૦૯૧૨૪૧૭૧.**

કેસ નં.૭૬/૨૦-૨૧

**વિષય : મીટર ચેન્જ સમયસર ન કરી અને વિજ બિલ એક સાથે આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૩/૧૨/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૧/૦૧/૨૦૨૧.
(૨) કોર્પો.કચેરી, રાજકોટ પત્ર નં-પીજીવીસીએલ/સીજીઆરએફ/મનુભાઈ કરશનભાઈ સોલંકી/૧૪૩-૩/ તા.૭/૧/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૦-૨૧/૨૭૫ તા.૨૦/૦૧/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૦-૨૧/૪૯૮ તા.૮/૦૨/૨૦૨૧.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૦-૨૧/૭૯૯ તા.૪/૦૩/૨૦૨૧.
(૬) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૦-૨૧/૧૬૨૫ તા.૨૯/૦૫/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૧/૦૬/૨૦૨૧ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચોટીલા.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૭૬/૨૦–૨૧</u> ☜

વાદી :– **શ્રી મનુભાઈ કરશનભાઈ સોલંકી**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>રજુઆતની તારીખઃ– તા.૧૧/૦૬/૨૦૨૧</u> ◈

હાજર રહયા :– **શ્રી મનુભાઈ કરશનભાઈ સોલંકી (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મનુભાઈ કરશનભાઈ સોલંકી, મું.ચોટીલા, તા.ચોટીલા, જી.સુરેન્દ્રનગર ની મીટર ચેન્જ સમયસર ન કરી વિજ બિલ એકી સાથે આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૬/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૦–૨૧/૨૭૫ તા.૨૦/૦૧/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૮/૦૨/૨૦૨૧, તા.૧૭/૦૩/૨૦૨૧, તથા તા.૧૧/૦૬/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી મનુભાઈ કરશનભાઈ સોલંકી તા. ૧૮.૦૨.૨૧ તથા તા. ૧૭.૦૩.૨૧ ની બેઠકમાં ગેરહાજર રહેલ અને તા. ૧૧.૦૬.૨૧ના રોજ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર, તમામ બેઠકમાં ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી મનુભાઈ કરશનભાઈ સોલંકી, ચોટીલા પેટા વિભાગીય કચેરી નો ગ્રાહક છે. જે ગ્રાહક નંબર – ૨૭૮૦૧/૦૨૦૩૮/૩ થી ૦.૫ કિ.વો.નું ઘરવપરાશનું વિજ કનેકશન ધરાવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, તેઓનું મીટર ચાર વર્ષ પહેલા બદલવામાં આવેલ હતું. જે મુજબ મીટર માં થયેલ વપરાશ મુજબનું બિલ નહી આપવા માટે વારંવાર મૌખિક રજૂઆત કરેલ હોવા છતાં, મીટર ના વપરાશ મુજબ બિલ આપવામાં આવતુ ન હતું.

P.G.V.C.L. Bhavnagar

૧.૩ વાદીને તા.૬/૧૦/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ વિજ બિલ માં મીટર ચેન્જ ની એન્ટ્રી આપવામાં આવેલ અને રૂા.૫૮૫૭૮/૨૦ નું બિલ આપવામાં આવેલ હતું.

૧.૪ વાદી દ્વારા રજૂઆત કરેલ છે કે, જયારથી મીટર બદલાવેલ હતું તે સમયથી, બે બે મહિના ના સ્લેબ પડયા વગર જ સળંગ યુનિટ નું વિજ બિલ આપેલ છે. જેથી, સળંગ વિજ બિલ એકી સાથે આપવામાં આવતા, વિજ બિલ ની રકમ વધુ આવેલ છે. જે બિલ બે બે મહિના ના સ્લેબ પાડી આપવા માટે રજૂઆત કરેલ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ વાદી ચોટીલાનો રહેવાસી છે તથા તેઓ ગ્રાહક નં–૨૭૮૦૧/૦૨૦૩૮/૩ થી ૦.૫ કિ.વો.નું ઘરવપરાશનું વિજ કનેકશન ચોટીલામાં આવેલ શાસ્ત્રીનગર વિસ્તારમાં ધરાવે છે.

૨.૨ વાદીનું મીટર તા.૨૭/૮/૨૦૧૮ ના રોજ સ્થળ પર પેટા વિભાગીય કચેરી દ્વારા બદલવામાં આવેલ હતું.

૨.૩ સદર મીટર ચેન્જ ની માહિતી ટેકનીકલ વિભાગ દ્વારા બિલીંગ વિભાગ ને જે તે સમયે આપવામાં આવેલ ન હતી. આથી, સદર ગ્રાહકને ડિસેમ્બર–જાન્યુઆરી–૨૦૧૮ થી જુન–જુલાઈ–૨૦૨૦ સુધી ઝીરો અને લોક ના બિલ આપવામાં આવેલ હતા.

૨.૪ તા.૩/૧૦/૨૦૨૦ ના રોજ બિલીંગ વિભાગમાં મીટર ચેન્જ ની માહિતી મળતાં, તે મુજબ સદર ગ્રાહકમાં મીટર ચેન્જ ની એન્ટ્રી આપવામાં આવેલ હતી.

૨.૫ તા.૬/૧૦/૨૦૨૦ ના રોજ મીટર રીડર દ્વારા મીટર ચેન્જ ની એન્ટ્રી લેતાં, નવા મીટર ના ૭૧૭૭ મુજબ બિલ રૂા.૫૮૫૭૮/૨૦ નું બિલ આપવામાં આવેલ હતું.

૨.૬ વાદી દ્વારા બિલ બે બે મહિના ના સ્લેબ પાડી આપવા માટે રજૂઆત કરેલ છે. તે મુજબ સ્લેબ મુજબ ભાગ પાડીને તે પ્રમાણેની ગણતરી કરેલી છે. જેની ગણતરી શીટ આ સાથે સામેલ છે. જે આપ સાહેબ ની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી મનુભાઈ કરશનભાઈ સોલંકી, ગામ–ચોટીલામાં ઘર વપરાશ માટેનું સીંગલ ફેઈઝ વિજ જોડાણ ગ્રાહક નં–૨૭૮૦૧/૦૨૦૩૮/૩ થી ધરાવે છે.

૩.૨ પ્રતિવાદી એ વાદીનું વિજસ્થાપન નું સીંગલ ફેઈઝ મીટર તા.૨૭/૮/૨૦૧૮ ના રોજ બદલી નવું મીટર લગાડેલ. પરંતુ, મીટર ચેન્જ ની એન્ટ્રી જે તે રજીસ્ટરમાં અને રેકર્ડ માં નોંધાયેલ ન હોવાથી, પ્રતિવાદી તરફથી વાદીને ''૦'' યુનિટ ના બિલ આપવામાં આવતા હતા. ત્યારબાદ, વાદીએ વારંવાર ફરીયાદ કરતાં, પ્રતિવાદીએ તા.૬/૧૦/૨૦૨૦ નો રોજ મીટર ચેન્જ ની એન્ટ્રી સંબંધિત રેકર્ડ માં લઈ, પ્રતિવાદીએ તા.૬/૧૦/૨૦૨૦ ના રોજ ૭૧૭૭ વિજ યુનિટ ની વપરાશનું રૂ.૫૮૫૭૮/૨૦ ની રકમનું વિજ બિલ આપેલ. જેની સામે વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૩ તા.૧૮/૨/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમ્યાન ફોરમે પ્રતિવાદી ને સૂચના આપેલ કે, વાદીના ઓગષ્ટ–૧૮ થી ઓગષ્ટ–૨૦ દરમ્યાન ના વિજ વપરાશ યુનિટ ૭૧૭૭ ને જે તે સંબંધિત દ્વીમાસિક વિજ વપરાશ ના સ્લેબમાં બ્રેક અપ કરી, અને વાદીને તે મુજબ નું રીવાઈઝડ સ્ટેટમેન્ટ ફોરમને રજૂ કરવું.

૩.૪ પ્રતિવાદી એ વાદીને ૭૧૭૭ યુનિટ ની વિજ વપરાશ નું રૂ.૫૮૫૭૮/૨૦ ની રકમનું બિલ આપેલ, જેને રીવાઈઝડ કરી નવી ગણતરી મુજબ રૂ.૪૯,૪૮૪/૫૦ ની રકમનું વિજ બિલ થાય છે. જે વાદીએ ભરવાપાત્ર છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, '' પ્રતિવાદીએ અગાઉ આપેલ રૂા.૫૮,૫૭૮/૨૦ ની રકમનું વિજ બિલ રદ કરવું અને પ્રતિવાદીએ રજૂ કરેલ સ્ટેટમેન્ટ મુજબ રૂા.૪૯,૪૮૪/૫૦ નું સુધારેલ બિલ આપવું.''

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૧/૦૬/૨૦૨૧.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.